નિઝર તાલુકા તાપી જિલ્લા માટે
તકેદારી સમિતિની રચના બાબત...

ગુજરાત સરકાર
આદિજાતિ વિકાસ વિભાગ
ઠરાવ ક્રમાંક:ટીએપી/૨૧૯૯/૮૮૯/ચ
સચિવાલય.ગાંધીનગર.
તા. ૯/૯/૨૦૧૦.

વંચાણે લીધા :(૧) અનુસુચિત જાતિઓ અને અનુસુચિત જનજાતિઓ (અત્યાચાર નિવારણ)અધિનિયમ ૧૯૮૯ તથા નિયમો-૧૯૯૫
(૨) આદિજાતિ વિકાસ વિભાગના તા.૧૫/૫/૨૦૦૪ ના ઠરાવ ક્રમાંક:ટીએપી/૨૧૯૯/ ૮૮૯/ચ.
(૩) કમિશનરશ્રી, આદિજાતિ વિકાસ ના તા.૧/૪/૧૦ ના પત્ર ક્રમાંક:આવિ/સેલ/૪૨૭૮/ ૨૦૦૯- ૧૦/ ૮૧૭.

**ઠરાવ** :-

આમુખ ક્રમાંક(૧)માં જણાવેલા અનુસુચિત જાતિઓ અને અનુસુચિત જનજાતિઓ(અત્યાચાર નિવારણ) અધિનિયમ-૧૯૮૯ની કલમ- ૨૧ ની પેટાકલમ-(૨) ના ખંડ-(૫)માં કેન્દ્ર સરકાર તરફથી બનાવવામાં આવે તેવા નિયમોને આધિન રહીને રાજ્ય સરકાર આ અધિનિયમના અસરકારક અમલ માટે જરુરી પગલાં લેવા માટે તેને મદદરુપ થાય તે માટે યોગ્ય લાગે તે સ્તરની સમિતિઓ રચી શકશે તેવી જોગવાઇ કરવામાં આવી છે આમુખક:(૨)માં જણાવેલ તા.૧૫/૫/૨૦૦૪ના ઠરાવથી અનુસુચિત જનજાતિના ઇસમો માટે તાલુકા સમિતિના રચના કરવા સંબધમાં સમિતિનું બંધારણ નક્કી કરવામાં આવેલ છે. રાજ્યના જિલ્લા અને તાલુકાઓની પુન:રચના કરતા તાપી જિલ્લાના નિઝર તાલુકા માટે આ અધિનિયમ હેઠળ નિઝર તાલુકા માટે તાલુકા સમિતિની રચના કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.પુખ્ત વિચારણા ના અંતે અનુસુચિત જનજાતિ અધિનિયમ ૧૯૮૯ તથા અનુસુચિત જનજાતિ(અત્યાચાર નિવારણ) નિયમો-૧૯૯૫હેઠળ નિઝર તાલુકા જિ.તાપી માટે તા.૧૫/૫/૨૦૦૪ ના ઠરાવમાં દર્શાવેલ બંધારણ પ્રમાણે તાલુકા સમિતિની રચનાને મંજુરી આપવામાં આવે છે.તાલુકા સમિતિમાં નીચેના સભ્યોના સમાવેશ થશે.

**તાલુકા સમિતિ : -**

| | | |
|---|---|---|
| ૧ | મામલતદારશ્રી | અધ્યક્ષ |
| ૨ | પ્રમુખશ્રી,તાલુકા પંચાયત | ઉપાધ્યક્ષ |
| ૩ | તાલુકા સામાજિક ન્યાય સમિતિના અધ્યક્ષશ્રી | સભ્ય |
| ૪ | તાલુકા પંચાયતના સામાજિક ન્યાય સમિતિના | સભ્ય |

| | | |
|---|---|---|
| | તમામ સભ્યો તથા જે તાલુકા પંચાયતની સામાજિક ન્યાય સમિતિમાં અનુસુચિત જનજાતિના સભ્યો ન હોય તેવા તાલુકામાં કલેકટરશ્રીના પરામર્શમાં રહીને સભ્યોની નિમણુંક કરવાની રહેશે. | |
| ૫ | તાલુકા વિકાસ અધિકારીશ્રી | સભ્ય |
| ૬ | પબ્લીક પ્રોસિક્યુટરશ્રી | સભ્ય |
| ૭ | પોલીસ સબ ઇંસ્પેકટરશ્રી | સભ્ય |
| ૮ | અનુસુચિત જનજાતિના અગ્રગણ્ય વકીલશ્રી | સભ્ય |
| ૯ | સમાજ કલ્યાણ નિરીક્ષકશ્રી /મદદનીશ સમાજ કલ્યાણ અધિકારીશ્રી | સભ્ય |
| ૧૦ | એક મહિલા સામાજિક કાર્યકર | સભ્ય |

તાલુકા સમિતિની રચના સંબધિત તાલુકા મામલતદારશ્રીએ કરવાની રહેશે.આ સમિતિમાં નીમવાના થતા બિન સરકારી સભ્યોની નિમણુંક માટે સંબધિત જિલ્લાના પ્રભારી મંત્રીશ્રીનો પરામર્શ કરવાનો રહેશે.

૬. ઉપરોકત સમિતિઓનું કાર્યક્ષેત્ર નીચે મુજબ નિયત કરવામાં આવે છે.

(૧) અનુસુચિત જાતિ /અનુસુચિત જન જાતિ (અત્યાચાર નિવારણ) અધિનિયમ -૧૯૮૯ અને નિયમો ૧૯૯૫ ની જોગવાઇઓનો અસરકારક અમલ થાય તે રીતે દેખરેખ અને નિરીક્ષણ રાખવા.

(૨) ઉકત અધિનિયમ હેઠળ અનુસુચિત જનજાતિ ને લગતા નોંધાયેલ કેસોની સમીક્ષા કરીને આવા કેસોને ટ્રાયલો ઝડપી અને તથા ગુનેગારોને પુરતી સજા થાય તે માટે પ્રત્યેક કેસની સમીક્ષા કરવી.

(3) કેન્દ્ર તથા રાજ્ય સરકારે કરેલ યોજનાઓનો વ્યાપક અને સુદઢઅમલ થાય તે માટે પગલાં લેવા.

(૪) ન્યાયની અદાલતોમાં દાખલ કરેલા કેસોના પરીણામોનું તથા અત્યાચાર નિવારણ અધિનિયમ-૧૯૮૯ ના અમલની આડે આવતી મુશ્કેલીઓનું ઉંડાણથી પુન: અવલોકન કરવું.

(૫) તાલુકા સમિતિઓ તથા જિલ્લા સમાજિક ન્યાય સમિતિઓએ અત્યાચાર નિવારણ

અધિનિયમ-૧૯૮૯ અને નિયમો-૧૯૯૫ના અસરકારક અમલ માટે કરેલ ભલામણોને ધ્યાનમાં લઇ યોગ્ય કાર્યવાહી કરવી.

૭. તાલુકા તકેદારી સમિતિ ની બેઠક દર ત્રણ માસે ઓછામાં ઓછી એકવાર યોજવાની રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એસ.પી.જૈન)
સેકશન અધિકારી
આદિજાતિ વિકાસ વિભાગ

બિડાણ : ઉપર મુજબ.

પ્રતિ,

નામ.રાજ્યપાલશ્રીના અંગત સચિવશ્રી, રાજભવન,ગાંધીનગર.
માન.મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી સચિવાલય,ગાંધીનગર.
માન.મંત્રીશ્રી આદિજાતિ કલ્યાણના અંગત સચિવશ્રી સચિવાલય,ગાંધીનગર.
કમિશનરશ્રી, આદિજાતિ વિકાસ ,બિરસા મુડા ભવન, ગાંધીનગર.
સર્વે તકેદારી અધિકારીશ્રી(આદિજાતિ વિકાસ)
સમાજ કલ્યાણ અધિકારીશ્રી (આદિજાતિ વિકાસ) કચ્છ અને ડાંગ આહવા.
સર્વે પોલિસ અધિકારીશ્રી
સર્વે જિલ્લા વિકાસઅધિકારીશ્રી
સર્વે તાલુકા વિકાસ અધિકારીશ્રી
સર્વે કલેકટરશ્રી
સર્વે મામલતદારશ્રી
કાયદા વિભાગ, સચિવાલય, ગાંધીનગર સર્વે પબ્લિક પ્રોસીક્યુટરશ્રીને જાણ કરવા અર્થે.
ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર સર્વે પોલિસ સ્ટેશને જાણ કરવા અર્થે.
વિભાગની સર્વે શાખાઓ
નાયબ સેકશન અધિકારી સીલેકટ ફાઇલ.
સીલેકટ ફાઇલ.